# ચરોતરમિત્ર


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ગુજરાતના ‘મૂક સેવક’ રવિશંકર મહારાજના પાવન ધામનો રૂ. પાંચ કરોડના ખર્ચે કાયાકલ્પ કરાશે

# બોચાસણ ભવ્ય હેરિટેજ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનશે

**અદ્યતન ડિજિટલ** ગેલેરી, લેન્ડસ્કેપ ગાર્ડન અને પ્રવાસી સુવિધાઓથી સજ્જ થશે સમાધિસ્થાન



તસવીરઃ ભરતસિંહ સોલંકી

(પ્રતિનિધિ) આણંદ તા.૭

ગુજરાતના આધ્યાત્મિક અને સામાજિક ચેતનાના મશાલચી રવિશંકર મહારાજનું જીવન અને તેમના આદર્શો નવી પેઢી સુધી પહોંચાડવા માટે રાજ્ય સરકારે કમર કસી છે. આણંદ જિલ્લાના બોચાસણ સ્થિત મહારાજના સમાધિસ્થાનને એક અદ્યતન અને ભવ્ય પ્રવાસી ધામ તરીકે વિકસાવવા માટે પ્રવાસન વિભાગ દ્વારા રૂપિયા પાંચ કરોડની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ૨૦૨૬-૨૭ના બજેટમાં લેવાયેલો આ નિર્ણય ચરોતર પંથકની ગૌરવગાથામાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરશે.

બોચાસણ સ્થિત આ સમાધિસ્થાન માત્ર સ્મારક નથી, પરંતુ ગુજરાતના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવનાર મહામાનવની સ્મૃતિઓનું જીવંત કેન્દ્ર છે. આ ગ્રાન્ટનો ઉપયોગ સમાધિસ્થાનના આંતરમાળખાકીય સુધારણા માટે વૈજ્ઞાનિક અને આયોજનબદ્ધ રીતે કરવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટને આગામી ૧ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે, જેથી શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને વહેલી તકે નવી સુવિધાઓનો લાભ મળી શકે.

આજના ડિજિટલ યુગમાં યુવાનો અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય નાયકોના ત્યાગથી પરિચિત થાય તે હેતુથી આ સ્મારકનો વિકાસ અનિવાર્ય મનાય છે. શાળા-કોલેજના શૈક્ષણિક પ્રવાસો માટે આ એક ઉત્તમ સ્થાન બનશે, જ્યાંથી નવી પેઢી નૈતિકતા અને રાષ્ટ્રભાવનાના પાઠ શીખી શકશે.

બોચાસણ ખાતે પ્રવાસીઓની સંખ્યા વધવાથી સ્થાનિક કક્ષાએ રોજગારીની મોટી તકો ઉભી થશે. નાના વેપારીઓ અને હસ્તકલાના કારીગરોને સીધો આર્થિક લાભ થશે. ટ્રાન્સપોર્ટ અને ખાણીપીણીના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની આવકમાં વધારો થશે. ગામની આસપાસના રોડ-રસ્તા અને કનેક્ટિવિટી જેવી આંતરમાળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનશે. આ પ્રોજેક્ટ દ્વારા બોચાસણ ધામ આગામી દિવસોમાં ગુજરાતના પ્રવાસન નકશા પર વધુ તેજોમય બનીને ઉભરશે.




#### પ્રવાસીધામમાં શું શું હશે ?

- મહારાજનું જીવન ચરિત્રઃ મહારાજના નિઃસ્વાર્થ સેવા અને સાદગીના મૂલ્યોને ઉજાગર કરતી અદ્યતન ડિજિટલ ગેલેરી અથવા પ્રદર્શનીનું નિર્માણ.
- હેરિટેજ નવીનીકરણઃ સમગ્ર સ્મારકનું હેરિટેજ સંરક્ષણ પદ્ધતિથી નવીનીકરણ.
- પ્રવાસી સુવિધાઓઃ શુદ્ધ પીવાનું પાણી, અદ્યતન શૌચાલયો અને સુવિધાયુક્ત વિશ્રામગૃહ.
- સૌંદર્યીકરણઃ મુલાકાતીઓના મન પ્રફુલ્લિત થાય તેવા સુંદર લેન્ડસ્કેપ ગાર્ડનનું નિર્માણ.

---

### વેપારીને ‘આતંકવાદી’ કહી માર માર્યાનો અને પુરાવા મિટાવવા સીસીટીવીના મેમરી કાર્ડ કાઢી લીધાનો આક્ષેપ

# વસોમાં ફટાકડાના વેપારી પર પોલીસની દાદાગીરીનો આક્ષેપ

**પોલીસ કર્મચારી** સહિત 19 શખ્સો સામે ફરિયાદ નોંધવા માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

વસો ગામમાં ફટાકડાની ફેક્ટરી ધરાવતા લાયસન્સધારક વેપારી જાવેદહુસેન શેખે એસઓજી પોલીસ અને સ્થાનિક તત્વો સામે ગંભીર કાવતરું રચી હુમલો કર્યાની રજૂઆત જિલ્લા પોલીસ વડાને કરી છે. વેપારીનો આક્ષેપ છે કે પોલીસે ખુદ કાયદો હાથમાં લઈ તેમને અને તેમના પત્ની પર અત્યાચાર ગુજાર્યો છે.

આ અંગે વેપારીએ જિલ્લા પોલીસ અધિક્ષકને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, એસઓજીના પીએસઆઈ સહિત 19 લોકોએ કોઈ પણ વોરંટ વગર ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો. આક્ષેપ મુજબ, પોલીસે વેપારીને ‘આતંકવાદી’ કહી ત્રાસ આપ્યો હતો અને પોલીસ સ્ટેશનમાં તેમનો મોબાઈલ પાસવર્ડ કઢાવવા માટે આંગળી ભાંગી નાખી હતી. વધુમાં, મહિલા પોલીસની ગેરહાજરીમાં વેપારીના પત્ની પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

વધુમાં આક્ષેપ કર્યો હતો કે, વર્ષ 2027 સુધીનું ફટાકડાના વેપારનું લાયસન્સ અને ફાયર સેફ્ટીનું સર્ટિફિકેટ હોવા છતાં, અગાઉની ખંડણીની રજૂઆતનો ખાર રાખીને આ ષડયંત્ર રચાયું હોવાનું મનાય છે. આ કાવતરામાં વેપારીનો સગો ભાઈ પણ સામેલ હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસે ફેક્ટરીમાં લાગેલા સીસીટીવી કેમેરાના ડીવીઆરમાંથી મેમરી કાર્ડ અને સીમકાર્ડ કાઢી લીધા હતા.

#### કારમાંથી ફટાકડા લાવી વાહનમાં મૂક્યા

ફરિયાદ મુજબ, એસઓજી પીએસઆઇ પોતાની ખાનગી વર્ના કારમાં અગાઉથી ફટાકડા લાવ્યા હતા અને વેપારીના વાહન (છોટા હાથી) માં મૂકી દીધા હતા. બાદમાં મીડિયા સમક્ષ ખોટો કેસ ઉભો કરવા માટે ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરાવી હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

#### આક્ષેપો પાયાવિહોણા છે : પોલીસ અધિક્ષક

આ મામલે ખેડા એસપી વિજય પટેલે જણાવ્યું હતું કે, વેપારી પોતે ગંભીર ગુનામાં સંલિપ્ત છે અને તેમની સામે ફરિયાદ નોંધાઈ હોવાથી તેઓ પોલીસ પર પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યા છે.

---

## પેટલાદમાં 12મીએ ભવનનું લોકાર્પણ

(પ્રતિનિધિ) પેટલાદ, તા. ૭

પેટલાદ નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓમાં વધારો કરવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા આગામી ૧૨ મી જુલાઈ ૨૦૨૬, રવિવારે પેટલાદના જી.આઈ.ડી.સી. પાસે આવેલ હિરા પાર્ક સોસાયટી ખાતે નવનિર્મિત ‘ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન’નું લોકાર્પણ ગુજરાત સરકારના નાણા રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ તેમજ શહેરી વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલાની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવશે. આ પ્રસંગે રણછોડજી મંદિર, પેટલાદના મહંત વાસુદેવજી મહારાજ દ્વારા આશીર્વચન પાઠવવામાં આવશે. આ સમયે આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે.

---

### આણંદ જિ. પંચાયતના પ્રમુખપદ માટે ભાજપનો પ્લાન સી સફળ થવાની આશા

# આણંદ જી. પંચાયતની પાળજ બેઠક ભાજપ માટે કશ્મકશ!

**પાળજ બેઠકમાં** આવતા નવ ગામમાં એસટીના 50 જેટલા મતદારો




(પ્રતિનિધિ) પેટલાદ તા.૭

આણંદ જીલ્લા પંચાયતની ચુંટણી સંપન્ન થયા બાદ પ્રમુખ પદને લઈ સમગ્ર પ્રકરણ છેક હાઈકોર્ટ સુધી પહોંચ્યું હતું. છતાં હજી આ કોકડું વિવાદમાં હોવાનું માનવામાં આવી રહ્યું છે. જેથી જ જીલ્લા પંચાયતની બિનહરીફ વિજેતા થયેલા બેઠક પાળજના સભ્યને રાજીનામું અપાવવામાં આવ્યું હોવાની વાત ચર્ચાસ્પદ બનવા પામી છે. આ રાજીનામા બાદ ગણતરીના દિવસોમાં જ આ બેઠકની પેટા ચુંટણી માટે તારીખ જાહેર થઈ ચુકી છે. જેનું જાહેરનામું આગામી તા.9 જુલાઈના રોજ પ્રસિદ્ધ થનાર છે. આ સામાન્ય બેઠક ઉપરથી ભાજપ સંભવતઃ એસટી ઉમેદવારને ચુંટણી મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે. અહીયાં નોંધપાત્ર બાબત એ છે કે આ બેઠક ઉપર એસટીના માત્ર પચાસ જેટલા જ મતદારો છે. જેથી ભાજપ માટે આ બેઠક અસ્તિત્વની લડાઈ સમાન બની રહે તો નવાઈ નહીં.

આણંદ જીલ્લા પંચાયતમાં પ્રમુખ પદ માટે રોટેશન મુજબ એસટી બેઠક ફાળવાઈ હતી. જે માટે જીલ્લા પંચાયતની 40 પૈકી એક માત્ર હાડગુડ બેઠક હતી. જેના ઉપર ભાજપના ઉમેદવાર પરાજીત કરી કોંગ્રેસના ગૌરીબેન તડવી વિજેતા બન્યા હતા. ભાજપને સ્પષ્ટ બહુમતી સાથે 33 બેઠકો તો મળી પરંતુ પ્રમુખ પદની હાડગુડ બેઠક કોંગ્રેસના ફાળે જતા ભાજપનો પ્લાન એ નિષ્ફળ નીવડ્યો હતો. પરંતુ પરિણામ બાદ પ્રમુખની ચુંટણી વખતે ગૌરીબેન તડવી સામે ભાજપ દ્વારા સારસા બેઠક ઉપર જીતેલા મયૂરીબેન પટેલને મેદાનમાં ઉતારી કોંગ્રેસનું બિનહરીફ વિજેતાનું સપનું રોળી નાખ્યું હતું.

જો કે ચુંટણી અધિકારી દ્વારા મયૂરીબેન પટેલે એસટી અનામત અંગેના જે પુરાવા રજુ કર્યા હતા એ માન્ય નહીં રાખતા મામલો હાઈકોર્ટ પહોંચ્યો હતો. જ્યાંથી ચુંટણી અધિકારીના નિર્ણય ઉપર મનાઈ હુકમનો આદેશ કરતાં ભાજપ માટે પ્લાન બી સફળ થતાં પ્રમુખ પદે મયૂરીબેન પટેલ બહુમત સાથે વિજયી બન્યા હતા. પરંતુ મયૂરીબેન પટેલે હાઈકોર્ટની અરજી પરત લેતા મામલો રસપ્રદ બની ગયો હતો. જાણે કે કંઈક કાચું કપાઈ ગયું હોય તેવો છુપો ગણગણાટ ભાજપ છાવણીમાં શરૂ થઈ ગયો હતો. જેથી ભાજપના બિનહરીફ વિજેતા પ્રદિપ પટેલે રાજીનામું ધરી દેતા પાળજ બેઠક ખાલી થઈ હતી. જેની પેટા ચુંટણી આગામી તા.28 જુલાઈના રોજ યોજાનાર છે. જે માટે ભાજપ લગભગ એસટી ઉમેદવારને ચુંટણી મેદાનમાં ઉતારે તેવી પ્રબળ શક્યતાઓ છે. ઉપરાંત એસટી ઉમેદવાર સાથે આ બેઠક જીતવી ભાજપ માટે અસ્તિત્વની લડાઈ છે.

#### 9 ગામમાં એસટીની વસ્તી 97 જેટલી છે

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠકમાં 9 ગામોનો સમાવેશ થાય છે. જેની વસ્તી લગભગ 32476 જેટલી છે. આ બેઠકમાં પેટલાદ તાલુકા પંચાયતની 4 બેઠકો આમોદ, નાર, પાળજ અને સુંદરાનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય સિલવાઈ, જેસરવા, માનપુરા, રામોદડી અને સાંસેજ ગામો પણ આ બેઠકમાં સમાવિષ્ટ છે. જો ભાજપ કે કોંગ્રેસને આ બેઠક ઉપર એસટી ઉમેદવાર ઉતારવા હોય તો નારમાં 76, પાળજમાં 7 અને સુંદરા તાલુકા પંચાયત બેઠકમાં 14 અનુ.આદિ જાતિના લોકો વસવાટ કરે છે. આ કુલ 97 પૈકી આશરે 50 જેટલા એસટી મતદારો છે.

---

# કઠાણામાં ટ્રોલીએ સાયકલ સવાર બાળકનો જીવ લીધો

**પ્રાથમિક શાળામાં** ધોરણ-૩માં ભણતા ધૈર્યરાજનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.૭

બોરસદ તાલુકાના કઠાણા ગામે પ્રાથમિક શાળા પાસે ઈંટો ભરેલા એક બેફામ ટ્રેક્ટરે સાયકલ લઈને જઈ રહેલા ૯ વર્ષના માસૂમ બાળકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બાળકનું કરમસદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

કઠાણા ગામના રાજપૂત ખડકી વિસ્તારમાં રહેતો ધૈર્યરાજ સંજયકુમાર સોલંકી (ઉંમર ૯ વર્ષ), જે સ્થાનિક પ્રાથમિક શાળામાં ધોરણ-૩ માં અભ્યાસ કરતો હતો, તે ગત તા. ૦૬-૦૭-૨૦૨૬ ના રોજ સાંજના સમયે રોડની સાઈડમાં સાયકલ લઈને જઈ રહ્યો હતો. આ દરમિયાન શીતળા માતાના મંદિર નજીક ઈંટો ભરેલા એક ટ્રેક્ટર-ટ્રોલી (નંબર GJ-04-EJ-6847) ના ચાલકે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે હંકારી લાવી ધૈર્યરાજની સાયકલને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ધૈર્યરાજને મોઢા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક બોરસદની હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ગંભીર ઈજાઓને કારણે રાત્રિના સમયે સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો. આ બનાવ અંગે બાળકની માતા શિલ્પાબેન સોલંકીની ફરિયાદના આધારે વિરસદ પોલીસે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં લાકડાં અને ઈંટો ભરેલા ટ્રેક્ટર-ટ્રોલીના ચાલકો દ્વારા બેફામ વાહન ચાલવવાના કારણે અકસ્માતના કેસોનું પ્રમાણ વધ્યું છે.

---

# ઉમરેઠના ખાંખણપુરામાં જુગાર રમતાં ૫ પકડાયાં

**પોલીસના દરોડોમાં** ૩૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૭

ઉમરેઠ પોલીસે ખાંખણપુરા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર ઓચિંતી રેડ પાડી પત્તા પાનાનો હાર-જીતનો જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડ્યા છે.

મળતી માહિતી મુજબ, ઉમરેઠ પોલીસને ખાંખણપુરા ગામની સીમમાં ફુલસિંહ ચૌહાણના ઘરની બાજુમાં આવેલા અડાળાની ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની ખાનગી બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસ સ્ટાફે પંચોને સાથે રાખી, ખાનગી વાહનમાં લપાઈ-છુપાઈને દરોડો પાડ્યો હતો. આ દરોડામાં પોલીસે સ્થળ પર કુંડાળું વળી જુગાર રમતા જશવંતસિંહ રંગીતસિંહ ચૌહાણ, ગણપતસિંહ બળવંતસિંહ ચૌહાણ, અલ્પેશકુમાર બળવંતસિંહ ચૌહાણ (તમામ રહે. ખાંખણપુરા), જીવાભાઈ મંગળભાઈ પરમાર (રહે. ધુળેટા) અને અકમ રઝાક શેખ (રહે. સુરેલી)ને ઝડપી પાડ્યા હતા.

આરોપીઓની અંગઝડતી અને દાવ પરથી પોલીસે ૧૮,૧૮૦ની રોકડ, પત્તા અને ૧૫,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન કબજે કર્યા છે. ઉમરેઠ પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

# આણંદમાં બેફામ બાઈકની ટક્કરે આધેડનું કરુણ મોત

**મંચુરીયન લેવા રસ્તો** ઓળંગી રહેલા રાહદારીને ધૂમ બાઇક ચાલકે અડફેટે લીધા

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદ શહેરની ગણેશ ચોકડી ઓવરબ્રીજથી ચિખોદરા ચોકડી વચ્ચે આવેલા રાજ મોટર્સ સામે સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે અને બેફિકરાઈથી આવતા એક મોટરસાયકલ ચાલકે રોડ ક્રોસ કરી રહેલા આધેડને ટક્કર મારતા મોત નીપજ્યું છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ચિખોદરા ચોકડી નજીક રામદેવનગરમાં રહેતા રાજુભાઈ ગુલાબભાઈ વસાવા (ઉંમર ૪૨) સાંજના સમયે પગપાળા મંચુરીયન લેવા માટે નીકળ્યા હતા. તેઓ જ્યારે રાજ મોટર્સ સામેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવેલા બાઈક નંબર GJ-23-BG-6061 ના ચાલકે તેમને અડફેટે લીધા હતા. આ ટક્કર એટલી જોરદાર હતી કે રાજુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત રાજુભાઈને આણંદ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં હાજર ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત અંગે મૃતકના જમાઈ ઉમંગભાઈ ઠક્કર દ્વારા આણંદ રૂરલ પોલીસ મથકે બાઈકના નંબરના આધારે ચાલક વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

---

### નડિયાદમાં સગીરા પર દુષ્કર્મના કેસમાં અદાલતનો કડક ચુકાદો

# દૂષ્કર્મ કેસમાં મુખ્ય આરોપીને ૨૦ વર્ષ અને મદદગારને ૧૦ વર્ષની કેદ

**સગીરાને પ્રેમજાળમાં** ફસાવી બળજબરી આચરનારા બેને સજા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

નડિયાદના ડુમરાલ વિસ્તારમાં રહેતી એક સગીરા સાથે દુષ્કર્મ આચરવાના ચકચારી કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે દાખલારૂપ ચુકાદો સંભળાવ્યો છે. સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટે સરકારી વકીલની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી મુખ્ય આરોપી નરેન્દ્ર જીતુ બારૈયાને ૨૦ વર્ષની સખત કેદ અને તેના સાથીદાર પ્રકાશ પરમારને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ડુમરાલના મામાલાખાની ઓરડીમાં રહેતા ૨૧ વર્ષીય નરેન્દ્ર બારૈયાએ પાડોશમાં રહેતા ૧૯ વર્ષીય પ્રકાશ અશોક પરમારની મદદથી સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ગત ૧૧મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ જ્યારે સગીરા ઘરમાં એકલી હતી, ત્યારે પ્રકાશે નરેન્દ્રને મદદગારી કરી સગીરાના ઘરમાં પ્રવેશ અપાવ્યો હતો, જ્યાં નરેન્દ્રએ સગીરાની મરજી વિરુદ્ધ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે નડિયાદ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ યોગી બારોટે રજૂ કરેલા પુરાવાઓને આધારે કોર્ટે બંનેને દોષિત ઠેરવ્યા હતા. મુખ્ય આરોપી નરેન્દ્રને પોક્સો એક્ટ હેઠળ ૨૦ વર્ષની કેદ અને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે ગુનામાં મદદગારી કરનાર પ્રકાશ પરમારને ૧૦ વર્ષની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ભોગવવાનો આદેશ કર્યો છે.

#### બાળકીને શારીરિક યાતનાઓ આપી

આરોપી નરેન્દ્રની ગુનાહિત માનસિકતા માત્ર દુષ્કર્મ સુધી સીમિત નહોતી. તેણે ૩જી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે ૨:૦૦ કલાકે નડિયાદની સ્કૂલમાં અભ્યાસ કરતી સગીરાનું ત્યાં પહોંચીને અપહરણ કર્યું હતું. આરોપીએ બાળકીને બળજબરીથી પકડી તેના ગાલ પર બચકાં ભરી શારીરિક યાતનાઓ આપી હતી. શૈક્ષણિક સંકુલમાંથી વિદ્યાર્થીનીને ઉઠાવી જવાની આ ગંભીર ઘટનાને અદાલતે સખત શબ્દોમાં નોંધી કાયદો અને વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

---

# ભાલેજ પાસે રાહદારીને બાઈકે હડફેટે લેતા મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૭

નડિયાદ તાલુકાના પાલડી ગામના રહેવાસી અને વ્યવસાયે ટ્રેક્ટર ડ્રાઈવર ચંદુભાઈ મોતીભાઈ સોઢા પરમારનું વણસોલ પાટીયા પાસે માર્ગ અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

નડિયાદના પાલડી ગામમાં રહેતા ચંદુભાઈ સોઢા પરમાર ૬ઠ્ઠી જુલાઈના રોજ લાકડા ભરેલું ટ્રેક્ટર લઈને કામ અર્થે નીકળ્યા હતા. બપોરના સમયે વણસોલ પાટીયા નજીક આવેલી હોટલ વ્રજ દર્શનની ખુલ્લી જગ્યામાં પોતાનું ટ્રેક્ટર પાર્ક કરી તેઓ સામે આવેલી પરેશ તવા ફ્રાઈ હોટલમાં જમવા માટે ગયા હતા. તેઓ ભોજન પતાવીને જ્યારે તેઓ પરત રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે વણસોલ પાટીયા તરફથી પણસોરા તરફ પૂરઝડપે જઈ રહેલી હોન્ડા એક્સ-બ્લેડ મોટરસાયકલ (નંબર GJ-૧૭-BK-૫૩૬૯) ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભીષણ હતો કે ચંદુભાઈ અને બાઈક ચાલક બંને રોડ પર પટકાયા હતા અને બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને તાત્કાલિક અલીન્દ્રા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે ચંદુભાઈને તપાસીને મૃત જાહેર કર્યા હતા.આ સમગ્ર મામલે ભાલેજ પોલીસે અકસ્માત સર્જનાર મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.